# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 08-Nov-2024 સવારે : 7.45 થી 7.55

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં તકેદારી સપ્તાહ સમારોહને સંબોધન કરશે
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રના ધુળે અને નાસિકમાં NDAના ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે
3) ચૂંટણી પંચે રાજકીય પક્ષોને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન આદર્શ આચાર સંહિતાનું કડકપણે પાલન કરવા તાકીદ કરી
4) ભારતીય સૈન્ય વિરાસત ઉત્સવની બીજી વાર્ષિક આવૃત્તિનો આજથી નવી દિલ્હીમાં પ્રારંભ
5) છઠ મહાપર્વના સમાપન બાદ પ્રવાસીઓના ધસારાને જોતા રેલવે 500થી વધુ વિશેષ ટ્રેનો ચલાવશે
6) અને આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની ટી20 શ્રેણીની પ્રથમ મેચ ડરબનમાં રમાશે

## *PRESIDENT*

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય તકેદારી પંચ – સીવીસી દ્વારા આયોજીત તકેદારી સપ્તાહ સમારોહને સંબોધન કરશે. દર વર્ષે સરદાર વલ્લભભાઈ પટેલના જન્મ જયંતિ સપ્તાહને તકેદારી સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે**

28 ઑક્ટોબરથી 3 નવેમ્બર સુધી તેનં  આયોજન કરાયું. 'સત્યનિષ્ઠાની સંસ્કૃતિથી રાષ્ટ્રની સમૃદ્ધિ' - વિષય વસ્તુ આધારિત આ ઉજવણીમાં ત્રણ મહિના સુધી કેન્દ્ર સરકારના તમામ મંત્રાલયો અને સંગઠન સામેલ થાય છે.

સામોરહ દરમિયાન કેન્દ્રીય તકેદારી પંચ દ્વારા તૈયાર કરાયેલ ત્રણ પુસ્તકોનું વિમોચન કરશે. આ પ્રસંગે પોસ્ટ વિભાગ દ્વારા એક વિશેષ કવર પણ જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે.

.................

## *PM MAHA CAMPAIGN*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રમાં ભાજપના નેતાઓ માટે ચૂંટણી પ્રચાર કરશે. તેમણે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે તેઓ ધુલે અને નાસિકમાં જનસભાઓમાં સામેલ થઈને લોકોના આશીર્વાદ લેશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે વિધાનસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રની જનતા NDAના ઉમેદવારો માટે અભૂતપૂર્વ જીત સુનિશ્ચિ કરશે.

.................

## *JHARKHAND - CAMPAIGNING*

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે ઝારંખડના લોહારડાગા અને સિમેગામાં ઇન્ડી ગઠબંધનના ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે. તો ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહ જમશેદપુર અને સરાઈકાલે ખારસાવનમાં એનડીએના ઉમેદવારો માટે પ્રચાર મેદાનમાં ઉતરશે.

ભાજપના ઝારખંડ વિધાનસભા ચૂંટણી પ્રભારી શિવરાજસિંહ ચૌહાણ મનોહરપુર તેમજ જગન્નાથપુરમાં ચૂંટણી સભા સંબોધશે. તો ઝારખંડ મુક્તિ મોર્ચાના વરિષ્ઠ નેતા અને મુખ્ય પ્રધાન હેમંત સોરેન રાજ્યભરમાં વિવિધ ચૂંટણી સભાઓ કરવાના છે. આ ઉપરાંત અન્ય પક્ષોના નેતાઓ પણ આજે પ્રચારમાં જોડાશે.

ઉલ્લેખનીય છે કે રાજ્યની 81 બેઠકો માટે 13 નવેમ્બર અને 20 નવેમ્બરના રોજ બે તબક્કામાં મતદાન થશે. જ્યારે 23 નવેમ્બરના રોજ મતગણતરી યોજાશે.

.................

## *JAISHANKAR-SINGAPORE*

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર આજે સિંગોપોરમાં આયોજીત આસિયાન – થિંક ટેન્ક માટેના ભારતીય નેટવર્કની 8મી ગોળમેજી પરિષદને સંબોધન કરશે. તેઓ સિંગાપોરના રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, રક્ષામંત્રી અને વિદેશમંત્રી સહિતના નેતાઓ સાથે મુલાકાત કરશે.

વિદેશમંત્રાલયે એક નિવેદનમા જણાવ્યું છે કે વિદેશમંત્રીની આ મુલાકાત તાજેતરના ઉચ્ચ સ્તરીય આદાન-પ્રદાનના સકારાત્મક પ્રયાસોનું નિર્માણ કરે છે અને સિંગાપોર તેમજ ભારત વચ્ચેના ગાઢ તેમજ લાંબ સમયથી ચાલી આવતા સંબંધોની પુન: પુષ્ટિ કરે છે.

બંને દેશો વચ્ચે ગાઢ દ્વિપક્ષીય સંબંધો છે. સિંગાપોરે 1990ના દાયકાના શરૂઆતમાં પૂર્વીય નીતિની શરૂઆત દ્વારા ભારતને દક્ષિણ પૂર્વ એશિયાના દેશો સાથે ફરી જોડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. સિંગાપોરની કુલ વસતીના લગભગ 9 ટકા લોકો ભારતીય મૂળના છે.

દક્ષિણ પૂર્વ એશિયા રાષ્ટ્રોના સંગઠન - આસિયાનમાં ઇન્ડોનેશિયા, સિંગાપોર, ફિલિપાઇન્સ, મલેશિયા, બ્રુનેઈ, થાઈલેન્ડ, કંબોડિયા, લાઓસ, મન્યામાર અને વિયેતનામનો સમાવેશ થાય છે.

.................

## *EC ALL PARTY*

કેન્દ્રીય ચૂંટણી પંચે તમામ રાજકીય પક્ષોને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન આદર્શ આચાર સંહિતાનું કડકપણે પાલન કરવા તાકીદ કરી છે.

રાંચીમાં વિવિધ રાજકીય પક્ષો સાથેની બેઠકમાં રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી રવિ કુમારે ખોટા વચનો આપી મતદારોને ગેરમાર્ગે નહીં દોરવાની સલાહ આપી. તેમણે સભાઓ દરમિયાન વ્યક્તિગત હુમલાઓ કરવાથી બચવા જણાવ્યું હતું.

.................

## GOVT-URAD IMPORT

સરકારે કહ્યું છે કે આ વર્ષે ઑક્ટોબરના અંત સુધી બ્રાઝિલથી અડદની આયાત 4 હજાર, 102 મેટ્રિક ટનથી વધીને 22 હજાર મેટ્રિક ટન થઈ છે. ઉપભોક્તા, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે કહ્યું છે કે હાલના વર્ષોમાં બ્રાઝિલ અડદના મુખ્ય નિકાસકર્તા તરીકે ઉભર્યું છે, અને તે ભારત માટે અડદ તેમજ તુવેરની આયાત માટેનો મુખ્ય સ્રોત બની ગયું છે.

મંત્રાલયે જણાવ્યું છે કે ભારતીય રાષ્ટ્રીય સહકારી ઉપભોક્તા સંઘ દ્વારા અસમ, મેઘાલય, ત્રિપુરા સહિતના અન્ય પૂર્વોત્તર રાજ્યોમાં ડુંગળીનો પુરવઠો પહોંચાડવામાં આવ્યો છે. વધુમાં મંત્રાલયે જણાવ્યું છે કે પૂર્વોત્તર રાજ્યોમાં લોકોને વાજબી ભાવે ડુંગળી મળી તે માટે સરકાર કાર્યરત છે.

.................

## MILITARY HERITAGE FESTIVAL

ભારતીય સૈન્ય વિરાસત ઉત્સવની બીજી વાર્ષિક આવૃત્તિનો આજે રાજધાની નવી દિલ્હીમાં પ્રારંભ થઈ રહ્યો છે. બે દિવસ ચાલનારા આ ઉત્સવનો હેતુ વૈશ્વિક અને ભારતીય થિંકટેંક, કોર્પોરેશન, જાહેર તેમજ ખાનગી કંપનીઓ, સ્વયંસેવી સંસ્થાઓ, શિક્ષણવિદો તેમજ સંશોધન વિદ્વાનોને દેશની રાષ્ટ્રીય સુરક્ષા, વિદેશ નીતિ, લશ્કરી ઇતિહાસ તેમજ લશ્કરી વારસા વિશે માહિતી આપવાનો છે.

લશ્કરની ત્રણેય પાંખના વડા – CDS જનરલ અનિલ ચૌહાણ - થળ, જળ તેમજ વાયુદળના પ્રમુખ સાથે આ ઉત્સવનું ઉદ્ઘાટન કરશે. ઉત્સવની શરૂઆતમાં

પ્રોજેક્ટ ‘શૌર્ય ગાથા’નું લોકાર્પણ કરાશે. જેનો હેતુ ભારતીય લશ્કરી વારસા દ્વારા શિક્ષણ તેમજ પ્રવાસનને પોત્સાહન આપવાનો છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.................

## *INDIAN ROAD CONGRESS*

છત્તીસગઢના રાયપુરમાં આજથી 83મું ભારતીય માર્ગ કોંગ્રેસનું વાર્ષિક સત્ર શરૂ થશે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી સાંજે આ સંમેલનનું ઉદ્ઘાટન કરશે.

આ ચાર દિવસીય સંમેલન દરમિયાન અનેક તકનિકી સત્રો યોજાશે. સંમેલન દરમિયાન માર્ગ નિર્માણને લગતી નવી ટેક્નોલોજીની ચર્ચા કરવામાં આવશે. દેશ વિદેશમાંથી બે હજારથી વધુ નિષ્ણાતો તેમાં ભાગ લેશે.

.................

## *CHATTH PUJA*

બિહાર સહિત દેશભરમાં આસ્થાના મહાપર્વ ગણાતા છઠ પર્વની શ્રદ્ધા પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આજે ઉગતા સૂર્યને અર્ઘ્ય આપવા માટે લાખો શ્રદ્ધાળુઓ વિવિધ ઘાટ પર એકત્ર થયા છે.

બિહારમાં ગંગા, ગંડક, કોસી, મહાનંદા, બાગમતી અને અન્ય નદીઓ તટ પર મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સૂર્ય દેવને અર્ઘ્ય આપ્યું.

શ્રદ્ધાળુઓ સવારથી સૂર્ય દેવ અને છઠી માતાને સમર્પિત પવિત્ર ગાન ગાતા છઠ ઘાટ પર પહોંચ્યા હતા. આજે અર્ધ્ય આપ્યા બાદથી ચાર દિવસીય તહેવારનું સમાપન થશે.

.................

## *SPECIAL TRAINS*

ભારતીય રેલવેએ છઠ પૂજાની ઉજવણીના સમાપન બાદ પ્રવાસીઓના ધસારાને જોતા 500થી વધુ વિશેષ ટ્રેનની વ્યવસ્થા કરી છે. રેલવે બોર્ડે એક નિવેદનમાં જણાવ્યું છે કે આજથી પરત ફરત મુસાફરો માટે વિશેષ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી છે.

વધુમાં આ નિવેદનમાં કહેવાયું છે કે સ્થાનિક માગને પહોંચી વળવા જરૂરિયાત પ્રમાણે સમસ્તીપુર, દાનાપુર સહિત વધારાની ટ્રેનોનું આયોજન કરાયું છે. મુસાફરોની મોટી સંખ્યાને જોતા આજે 164 ટ્રેન દોડવવામાં આવી રહી છે. જ્યારે આવતીકાલ માટે 160, 10 નવેમ્બર માટે 161, 11 નવેમ્બર માટે 155 વિશેષ ટ્રેનો દોડાવાશે.

ઉલ્લેખનીય છે કે પહેલી ઑક્ટોબરથી 30 ઑક્ટોબર સુધીના તહેવારોના સમયગાળામાં રેલવેએ કુલ 7 હજાર, 724 વિશે ટ્રેનો દોડાવી હતી, જે ગત વર્ષે 4 હજાર, 429 વિશેષ ટ્રેનોની સરખામણીએ 73 ટકા વધારે છે.

.................

## *T20 CRICKET*

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાર ટી-20 ક્રિકેટ મેચની શ્રેણીની પ્રથમ મેચ આજે ડરબનના કિંગ્સમીડમાં રમાશે. ભારતીય સમય અનુસાર રાતે સાડા આઠ વાગ્યે આ મેચ શરૂ થશે. બંને ટીમો વચ્ચે છેલ્લે જૂનમાં ટી-20 વિશ્વકપના ફાઇનલમાં મુકાબલો થયો હતો. ભારેત સાત રનથી આ મેચ જીતી લીધી હતી.

ભારતીય ટીમે છેલ્લી ટી20 શ્રેણી બાંગ્લાદેશ વિરુદ્ધ ત્રણ – શૂન્યથી જીતી લીધી હતી. ભારતીય ક્રિકેટ ટીમ આઇસીસી પુરુષ ટી20 રેન્કિંગમાં ટોચ પર જ્યારે દક્ષિણ આફ્રિકાની ટીમ છઠ્ઠા ક્રમાંકે છે.

.................

## *IMD-WEATHER*

હવામાન વિભાગે આજે તામિલનાડુ, પુડુચેરી, કોડાઇકેનાલ, કેરળ તેમજ માહેમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગ અનુસાર દક્ષિણ આંધ્ર પ્રદેશ, તમિલનાડુના દરિયાકાંઠા તેમજ તેની નજીકના દરિયાઇ વિસ્તારોમાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળી શકે છે, જેને કારણે માછીમારોને આ વિસ્તારોમાં ન જવાની સૂચના આપવામાં આવી છે.

આગામી સપ્તાહ દરમિયાન દેશના મોટાભાગોમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ખાસ ફેરફારની શક્યતા નથી. તો દિલ્હી અને એનસીઆરના વિસ્તારોમાં બેથી ત્રણ દિવસ સુધી રાત્રે અને સવારના સમયે ધુમ્મસનો અનુભવ થઈ શકે છે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ....

- જમ્મુ કાશ્મીર વિધાનસભામાં ધારાસભ્યો વચ્ચે મારામારીનાં સમાચારને ગુજરાત સમાચાર, સંદેશ, ફુલછાબે પ્રથમ પાને હેડલાઇન બનાવી છે.
- નવ ગુજરાતની હેડલાઇન છે- ટ્રમ્પ ઇફેક્ટઃ રૂપિયો નવા તળિયે, સોના-ચાંદીમાં પણ કડાકો
- જેટ એરવેઝને ફડચામાં લઈ જવા સર્વોચ્ચ અદાલતનો આદેશ-આ સમાચાર તમામ દૈનિકોએ પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.

- સરકારી ભરતીના નિયમો અધવચ્ચે ન બદલી શકાય એવા સર્વોચ્ચ અદાલતનાં ચુકાદાનાં સમાચાર પણ ઘણાં દૈનિકોમાં પ્રથમ પાને છે.
- દિવ્ય ભાસ્કર વિશેષ અહેવાલમાં જણાવે છે કે-10 વર્ષમાં ગુજરાતની કંપનીઓનો નફો ડબલ પણ દેવું 53 ટકા વધ્યુઃ ગુજરાતનાં માથે દેશનાં ઉદ્યોગોનું 16 ટકા દેવું
- વય વંદના યોજના હેઠળ 70થી વધુ વયનાં વડીલોને 10 લાખ રૂપિયાનાં મફત મેડિક્લેમ માટે નોંધણી શરૂ-આ સમાચાર દિવ્યભાસ્કરે સ્થાનિક પાના પર લીધા છે.
- ઇકોનોમિક ટાઇમ્સનાં અહેવાલ પ્રમાણે 31 ઓક્ટોબર, દિવાળીનાં દિવસે દેશમાં 64.4 કરોડ યુપીઆઇ વ્યવહારો સાથે વિક્રમ સર્જાયો
- આ ઉપરાંત, અભિનેતા શાહરૂખ ખાનને ખંડણીની ધમકી, કેનેડાએ વિદેશમંત્રી જયશંકરની પત્રકાર પરિષદનું પ્રસારણ અટકાવ્યું, એમેઝોન ફ્લિપકાર્ટ પર ઇડીનાં દરોડા, દિલ્હીમાં ઓડિશાન યુવતી પર દુષ્કર્મ જેવાં સમાચારો પણ પ્રથમ પાને જોવા મળે છે.

-------------